
પૈ ૨
1600098

...ા બાલપુસ્તકમાળા ● ● ● મણકો છઠ્ઠો

# ઉખાણાં ડેડોપડા

બનાવનાર
વસન્ત નાયક



ઘરશાળા પ્રકાશન મન્દિર ● ભાવનગર

☆

'ઉખાણાં કે કોયડા'માં આવતાં ત્રીસ અવનવાં ઉખાણાંની એવી રચના કરવામાં આવી છે કે બાળકો હળવાં સાહિત્ય તરીકે એ વાંચશે ને ગાશે. ને સાથેસાથે નિર્દોષ બૌદ્ધિક રમત પણ રમશે.

બાર બાર ઉખાણાં પછી તેનાં ચિત્રો દ્વારા જવાબો આપવામાં આવ્યા છે. એટલે બાળક મુંઝવાય ત્યાં ચિત્રો એની મદદમાં રહેશે.

વસ્તુપરિચયનો શિક્ષણીય હેતુ સાધવામાં પણ આ 'ઉખાણાં કે કોયડા'ની રચના અવશ્ય સહાયક નીવડશે. એવો મારો અનુભવ ને અવલોકન ઉપરથી બંધાયેલો નમ્ર મત છે.

વસન્ત નાયક

☆

શારદાધામ - બાલમંદિર
૯-૨-૭૩

ઘરશાળા બાલપુસ્તકમાળા ::: મણકો છઠ્ઠો

# ઉખાણાં કે કોયડા

ક્ર. ૨૭૭

: બનાવનાર :

વસન્ત નાયક

૦ નવ આના ૦

: પ્રકાશક :

ઘરશાળા પ્રકાશન મન્દિર
ભાવનગર

વસન્ત નાયક
૮ આનન્દનગર
અમદાવાદ ૭

બેસતું વર્ષ : ૨૦૦૫

પ્રથમ આવૃત્તિ : ૨-૧૧-'૪૮ : પ્રત ૧૬૦૦

[ સર્વ હક્ક લેખકને સ્વાધીન ]

: મુદ્રક :
હરભાઈ ત્રિવેદી
ઘરશાળા મુદ્રણાલય
ભાવનગર

કક્કાવારી પ્રમાણે

# ઉખાણાં કે કોયડા


૧ અક્ષરો
૨ આગગાડી
૩ આગબોટ
૪ આંખ
૫ કાંગડો
૬ કીડી
૭ ખુરસી
૮ ઘડિયાળ
૯ ચાંદો
૧૦ ચોપડી
૧૧ ઢીંગલી
૧૨ દરિયો
૧૩ દાક્તર
૧૪ નદી
૧૫ પતંગ
૧૬ પતંગિયું
૧૭ પર્વત
૧૮ પાણીનો નળ
૧૯ પોપટ
૨૦ મચ્છર
૨૧ મધમાખી
૨૨ માખી
૨૩ માંકડ
૨૪ મોટર
૨૫ રેડિયો
૨૬ વરસાદ
૨૭ વાદળાં
૨૮ વિમાન
૨૯ સૂરજ
૩૦ હવા

નામ: ______________________

ગામ: ______________________




કોઈને વહાલી પીપુડી
કોઈને વહાલું વાજું
મુજને વહાલી ચોપડી
હોંસે હોંસે વાંચું

## ૧

ગૂં ગૂં કરીને ગુંજતું,
પહોળી કરીને પાંખ બે;
ઊડતું છતાં ભમરો નથી,
નથી પંખીની પણ જાત એ.

પૂછડી શરીરે શોભતી,
નથી જાનવર જંતુ કંઈ;
આભે ભમે નથી કનકવો,
તો શું ઊડે વાદળમહીં?

પેટમાં અંગારા ભરી,
ધીકતી ને ધખતી;
જાય દોડી દોટો કાઢી,
હાંફતી ને હાંફતી.

નદી નાળાં નડે નહિ,
ડુંગરો ને ફાડતી;
કોણ હશે ધસી જતી,
ચીસેચીસ પાડતી ?

હાથણી શી ઊપડતી,
ઘાસચારો ખાધા વિના;
થાકી જાય ચાલે નહિ,
તેલ અને પાણી વિના.


આંખો ખોલે અંધારામાં,
ચાલે ત્યારે ઘૂરકે;
ચાર પગે દોડી જતી,
કહો એ તે શું હશે ?

પીઠ પર લદાતો માલ પણ,
ઊંટડી નથી કે ખર નથી;
કરતાં મુસાફરી આણુસો,
ગાડી નથી, ઘોડો નથી.


દિનરાત પાણીમાં રહે,
નથી કાચબો કે માછલું;
નથી મગર, હોડી, દેડકું,
તો શું હશે? કહો આટલું.

૧ થી ૪ ઉખાણાંના જવાબો આ નીચેથી શોધો અને તેને કાતરી તે તે ઉખાણાંની ઉપર ચોડો.


મો
ટ
ર




આગગાડી



વિ
મા
ન



આગબોટ



જાણે આભે અડતું માથું,
એવો ઊંચો મોટી કાય;
એક જંગાએ બેસી રહીને,
વરસાદ, ઠંડી, ગરમી ખાય.
વનસ્પતિ, પશુપંખી સૌને,
વ્હાલો લાગે પિતા સમાન;
મોટા પેટમાં મોટો ભંડાર
ભરી, પડયો એ કોણ મહાન?

૬

આભની પાસે જન્મી ઊંચે,
મથતી જાવા હંમેશ નીચે.

ખળખળ સુંદર ગીતો ગાતી,
થનગન નાચો કરતી જાતી.

ગાઢાં જંગલમાં નહિં ડરતી.
સરસર ઊપડે રસ્તો કરતી.

એવી એ જબરી છે નાર,
કોણ હશે ? કહો કરી વિચાર.

૭


મોટી કાયા મોટું પેટ,
મીઠું આપે સૌને ભેટ.
રાતદિવસ એ ગાજ્યા કરે,
તાલો દે ને નાચ્યા કરે.
દરરોજ ઊંચે જવા મથતો,
પણ હંમેશાં પાછો પડતો.
લાખો જીવને પાળતો,
કેટલાએ ને મારતો,
એવો એ છે કોણ મહાન?
જેનું સૌને છે બહુ માન.

૯


મૂળે દરિયામાં મુજ વાસ,
પણ પહોંચું ઊંચે આકાશ.
મારી ગાડી ત્યાં તૈયાર,
ફરવા નીકળું વારંવાર.
પણ નીચે લોકો અકળાય,
મારા વીણ તોબા થઇ જાય.
નોબત ગગડાવીને ખૂબ,
પહોંચું ત્યાં જગ ડૂબાડૂબ.
સઘળે ઠંડક ઠંડક કરું,
સૂકી વસ્તુ લીલી કરું.
ફરતો પાદર, જંગલ, ઘાટ,
પકડું પાછો સાગરવાટ.

૫ થી ૮ ઉખાણાંના જવાબો આ નીચેથી શોધો અને તેને કાતરી લઈ તે તે ઉખાણાંની ઉપર ચોડો.


દરિયો



નદી



વરસાદ



પર્વત



સૌ પાસે એ હાજર હોય,
જરા ન અળગી રાખે કોઇ.
ઘડીક જો એ જંપી જાય,
અકળામણ—ગભરામણ થાય.
જો મસ્તી—તોફાન કરે,
નુકશાનીનો પાર ન રહે.
ન હોય એ તો જીવે ન કોઇ,
એ નારીનું નામ શું હોય?

લાખો ગાઉ આઘે રહી,
મીઠાં અમી છાંટતો;
અંધારાને ભગાડીને,
આનંદ કરાવતો.

રોજ રોજ વધતો ને,
રોજ રોજ ઘટતો;
એવો એ તે કોણ છે? જે,
બાળકોને ગમતો?

ધન કે પ્રવાહી નથી,
તો યે ઘણા ઘાટદાર;
પાંખો નથી, જીવ નથી,
તો યે ખૂબ ઊડનાર.

સૂરજ કે ચાંદો હોય,
તો યે એ અંધારું કરે;
કોણ એ છે બળવાન,
કદી આભ આખું ભરે?


## ૧૨

રોજ રોજ આવે અને,
પાછો રોજ જાય છે;
આવે અને જાય ત્યારે,
સાથિયા પૂરાય છે.


એની સામે જોનારાંઓ,
જરૂર જ રડતાં;
છતાં એ જો ન આવે તો
કોઇ નહિ જીવતાં.

૯થી૧૨ ઉખાણાંના જવાબો નીચેથી શોધો અને તેને કાતરી લઈ તે તે ઉખાણાંની ઉપર ચોડો

સૂરજ



ચાંદો



વાદળાં



હવા

લોકો કહે કાણો પણ,
બેઉ આંખે જોવાવાળો;
વાને કાળો, રાગે જાડો,
ગંદું કોહ્યું ખાવાવાળો.

લોકોને એ ગમે નહિ,
પરવા ન કરનારો,
ઉજાણી કે જમણોમાં,
ખસુસ જ આવનારો.

પાકો એ કાચો નવ જરા;
એનું નામ કહો તો ખરા?

૧૪

ફૂલડે ફૂલડે ઘૂમતી ભમતી,
મીઠા રસને મોંમાં ભરતી.
મહેનત કરતી અપરંપાર,
ભરતી મોટા રસભંડાર.

ગૂં ગૂં કરતી ઊડતી ફરતી,
પજવો તો ખૂબ પાછળ પડતી.
હજારોનો એક જ વાસ,
સંપીલા ખંતીલા ખાસ.

કોણ એ નાનકડી છે નાર,
કરડે તો દે દુઃખ અપાર ?

૧૫

રંગબેરંગી પાંખો બે છે,
અહીં તહીં બહુ ઊડયા કરે છે.
પણ કાબર કે ચકલી નથી,
પંખીનો એ જાત જ નથી.

બાળકોને ગમતું બહુ,
તરત પકડવા દોડે સહુ.
પણ નહિ આવે બાળક પાસ,
ફૂલડે રમવું એને ખાસ.


નાનું એ બસ રમે ભમે,
કોણ હશે ? તે કહો તમે.

પગ બે છતાં માણસ નથી,
માણસના જેવું બોલતો;
ગાંડો નથી, ડાહ્યો છતાં,
કેદી બનીને ખેલતો.


ખાવાનો એ છે સ્વાદીઓ,
ભાવે તીખું મરચું બહુ;
જમરુખ મગફળી જોઇને,
જીભ એની વલવલતી બહુ.

૧૩ થી ૧૬ ઉખાણાંના જવાબો આ નીચેથી શોધો અને તેને કાતરી લઈ તે તે ઉખાણાંની ઉપર ચોડો.


પતંગિયું




કા
ગ
ડો



પો
પ
ટ



મધમાખી



## ૧૭

પગ નવ મળે ને ડગ નવ ભરે,
છતાં જરા નહિ આળસ કરે.
રાત દિવસ એ ચાલ્યા કરે,
હાથ વિના નકામી ઠરે.

રહેતી ગજવે કે ઘરમાં
ટેબલ ઉપર કે કરમાં

જો ચાલે નહિ ઊંઘી જાય,
ગોટાળો જબરો થઈ જાય,
સરખું કામ ન ચાલે કશો,
કહો નામ શું એનું હશે ?

હું તો કંઈ એક એવું માગું,
દેહ ખરો, નહિ ધડ કે માથું.

ન મળે એને એકે પગ,
તો યે ફરતો આખું જગ.
ન મળે એને મોં કે જીભ,
તો પણ ગાતો મધુરાં ગીત

આખા જગની વાતો કરે,
કદી કોઈનાથી નવ ડરે.
એવું એ તે શું હું માગું,
જેને મારા ઘરમાં રાખું ?

નથી નદી કે ઝરણું વાવ,
નથી સરોવર, નથી તળાવ.
વીરડો કે વહેળો કંઈ નથી,
કૂવો કે ખાડો યે નથી.

તો પણ પૂરતું પાણી મળે,
કદી નહિ ટળવળવું પડે.




રાત બપોર ને સાંજ સવાર,
જરૂર પડે મળતાં નહિ વાર.
તો મળતું એ ક્યાંથી હશે;
કહો નામ શું એનું હશે?

કાતર ને છરીવડે
કાતરે ને કાપે છે.
સોયા ભોંકી શરીરમાં
પીડા બહુ આપે છે.

તો ચે લોકો કહે આવો
બેસો બેસો થોડું રહો.

કડવા ઘુંટડા ગળી,
કરીશું તમે જે કહો.
એવું એ તે કોણ વળી,
ગરજ પતી કે વેરી ?

૧૭થી૨૦ ઉખાણાંના જવાબો આ નીચેથી શોધો અને તેને કાતરી લઈને તે ઉખાણાંની ઉપર ચોડો.

| | |
|---|---|
| રેડિયો |  |
| દા<br>ક્ત<br>ર |  |
| પાણીનો<br>નળ |  |
| ઘ<br>ડિ<br>યા<br>ળ |  |

૨૧

વાતોનો કંઇ પાર નહિ,
કવિતાનો સુમાર નહિ.
ગણિત, ભૂગોળ ને ઇતિહાસ,
એના દિલમાં સૌનો વાસ.

લખાવે ને વંચાવે,
ગવરાવે ને ખેલાવે.
બાળકોનો મિત્ર,
જોવા આપે ચિત્ર.

મોટાંઓ પણ રાખે પાસ,
બાળકો પણ ચાહે ખાસ.

કાળી, ભૂરી, લીલી હારે,
વેગે ઊપડે ગામ બહાર.

ધારેલો સંદેશો કહે,
માગો તેનો ઉત્તર દે.

આખી દુનિયા ભેગી કરે.
પહેલાંની પણ વાતો કરે.

ઝીણી, રંગબેરંગી હાર,
નામ હશે શું ? કરો વિચાર.

હોડલીનો ઘાટ એનો,
માછલી કે કોડી નહિ;
ભમરને પાસે રાખે,
પાંખડી કે પાન નહિ.


સહુ પાસે કામ લે છે,
બેઠી બેઠી સિંહાસને;
કઇ એ નાની બે નાર,
ન હોયે અંધારું બને.

બેઠક ને પગ, પીઠ,
એટલું જ અંગમહીં;
તેમાં વળી કેટલીક,
હાથ પણ રાખે છે.


ઊભી રહે ચાર પગે,
ચાલવાનું જાણે નહિ;
ઊભીઊભી કામ આપે,
કહો એ તે શું હશે?

૨૧થી૨૪ ઉખાણુંના જવાબો આ નીચેથી શોધો અને તેને કાતરી લઇને તે ઉખાણુંની ઉપર ચોડો.


આંખ



ખુ
ર
સી



ચો
પ
ડા



અક્ષરો

પાંખ વિનાનો, યંત્ર વિનાનો
આભે ઘૂમતો એ બળવાન;
સુંદર રંગે મનડાં હરતો,
બાળક રમતાં ભૂલી ભાન.
એક પગેથી ઊભો તોપણ,
જાણે ઊંચે આભે અડે;
ઝૂલા, ફુદડી ખાતો કોઈ વાર,
બાથંબાથે આવી ચડે.

પૂછડી રાખી ભમવું ગમે,
કોણ એ હંમેશ ઊંચે રમે ?

૨૬

રંગીન સાડી ઓઢી માથે,
ચોળી પહેરી, બંગડી હાથે;
આંજણ કાળાં આંજ્યાં આંખે,
વાળી કાને, નથણી નાકે.
વહુ નહિ કે બેની નહિ,
માતા નહિ કે બેટી નહિ.
નારીવેશ પુરુષનો નહિ,
માણસની એ જાત જ નહિ.
કોણ હશે નોનકડી નાર?
કહો જરા તમે કરી વિચાર.

રાજા અને રંક સાથે
પથારીમાં રહીને,
સૂવા અને ફરવાનો
શોખ ભારે રાખે છે.

અન્ન નહિ મેવા નહિ
માંસ અને મચ્છી નહિ,
કાંઈ નહિ ખાનારો એ
લોહી પીને જીવે છે.

રાજા હો કે મહારાજા
ધારે જો આ નાનો જીવ,
હેરાન હેરાન કરે
કહો એ તે કોણ છે ?

## ૨૮

સહુ સાથ લાખો હળીમળી
સંપી રહે સુખે સદા,
સહુ કામ ખંતે કરી કરી
મરતી નહિ ભૂખે કદી.

એ જીવ નાનો કણસમો
સહુ બાળકોને પાઠ દે,
'સંપી રહો, મહેનત કરો'
એ જીવ નાનો કોણ છે ?

## ૨૯

પાંખો બે પણ પંખી નથી,
પગ છે છ પણ વીંછી નથી.

કરડે નહિ કે ડંખે નહિ,
તો પણ પાસે ગમતી નહિ.

રાજાના ભાણામાં જાય,
તરત વળી ઉકરડે જાય.

મિઠાઇ મેવા ખાવા ગમે,
તો પણ ગંદુ ખાવા ભમે.

ગંદા બાળકને નહિ ભાન,
કોણ એ કરતી બહુ નુકસાન?

૩૦

શરીર કરતાં મોટા પગ,
એને જાણે આખું જગ.
રહેવાને ઘર બાંધે નહિ,
ખાવાનું કાંઇ સંઘરે નહિ.
ખૂણે ખાંચરે સંતાઇ રહે,
લાગ મળે કે હુમલો કરે.
રાખે મોંમાં મોટી સોય,
બચે નહિ એનાથી કોઇ.
ડરે નહિ સિંહ, હાથીથી,
રાજા કે મહારાજાથી.
એના લાગમાં આવે,
તોબા પોકરાવે.

૨૫થી૩૦ ઉખાણાંના જવાબો નીચેથી શોધો અને તેને કાતરી લઈ તે તે ઉખાણાંની ઉપર ચોડો.

| |
|---|
| મચ્છર |
| ઢીંગલી |
| માખી |
| કીડી |
| માંકડ |
| પતંગ |

卐 ઘરશાળા બાલપુસ્તકમાળા 卐

★

: લેખક :

**વસન્ત નાયક**


| | | |
|---|---|---|
| ૧ | વસન્તભાઈની વાતો : | પહેલો ભાગ |
| ૨ | વસન્તભાઈની વાતો : | બીજો ભાગ |
| ૩ | વસન્તભાઈની વાતો : | ત્રીજો ભાગ |
| ૪ | વસન્તભાઈની વાતો : | ચોથો ભાગ |
| ૫ | હિંડોળો : | તદ્દન નવાં બાલગીતો |
| ૬ | ઉખાણાં કે કોયડા : | નવીન રચના |
| ૭ | વાર્તા રે વાર્તા : | પહેલો ભાગ |
| ૮ | વાર્તા રે વાર્તા : | બીજો ભાગ |
| ૯ | વાર્તા રે વાર્તા : | ત્રીજો ભાગ |
| ૧૦ | વાર્તા રે વાર્તા : | ચોથો ભાગ |
| ૧૧ | તાના ફેરો રે છોકરાં : | અવનવી રમતો |
| ૧૨ | નવરાશનાં વળાઓ : | ઉત્તમ પ્રવૃત્તિ |


છસાતથી દસબાર વર્ષનાં બાળકો
માટે ઇતરવાચનના ઉત્તમ પુસ્તકો

**દેશમાં છ રૂપિયા : પરદેશમાં બાર શિલિંગ**

સંખ્યાબંધ ચિત્રો : આકર્ષક છાપકામ

★


卐 ઘરશાળા પ્રકાશન મન્દિર : ભાવનગર 卐